**DATE: 13/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–05**

# અંકલેશ્વરના જૂના દીવાની સીમમાંથી જુગારધામ ઝડપાયું

। અંકલેશ્વર ।

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે જૂના દિવા ગામની સીમમાંથી જુગાર રમતા એક જુગારીને ઝડપી પાડ્યો હતો જ્યારે અન્ય ૭ જુગારી ફરાર થઈ ગયા હતા. જૂના દીવા ગામની સીમમાંથી જુગારધામ ઝડપાયુ,૭ જુગારીઓ ફરાર અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે જૂના દિવા ગામની સીમમાંથી જુગાર રમતા એક જુગારીને ઝડપી પાડ્યો હતો જ્યારે અન્ય ૭ જુગારી ફરાર થઈ ગયા હતા અંકલેશ્વરના જૂના દિવા ગામમાં રહેતો ગૌરવ ઉર્ફે ગવો રાજેશ પટેલ અને મુકેશ ભાલુ પટેલ બહારથી માણસો બોલાવી ગામની સીમમાં ટાણીયા વગમાં ખેતરના શેઢા ઉપર લીમડાના ઝાડ નીચે જુગારધામ ચલાવી રહ્યા છે જેવી બાતમીના આધારે શહેર એ ડિવિઝન પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા ૧૪ હજાર અને બે ફોન મળી કુલ ૨૦ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને જુગાર રમતા ભરૂચના સાબેના નગરમાં રહેતો જુગારી દાઉદ નૂરભા ભઠ્ઠીને ઝડપી પાડ્યો હતો જ્યારે મુખ્ય સૂત્રધાર સહિત ૭ જુગારી ફરાર થઈ ગયા હતા.

**DATE: 13/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ઝઘડિયામાં ચોરીનો વોન્ટેડ આરોપી ઝડપાયો

ઝઘડિયા | ભરૂચ એલસીબી પીએસઆઇ એમ.એમ.રાઠોડ ટીમ સાથે ઝઘડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે તે દરમિયાન મળેલ બાતમીના આધારે ચોરીના ગુના હેઠળ છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપી કિશન વસાવાને ઝડપી પાડી જેલભેગો કરી દીધો છે

**DATE: 13/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### આરોપીઓ થેલામાં બોટલો લઇ વેચવા માટે ઉભેલાં હતાં

# દાંડિયાબજાર અંબાજી મંદિર પાસે દારૂ વેચતાં બે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના દાંડિયાબજાર વિસ્તારમાં આવેલાં અંબાજી માતાના મંદિર પાસે વિદેશીદારૂનો વેપલો કરતાં બે બુટલેગરોને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી કુલ 44 હજારની મત્તાનો મુદ્દામાલ જપ્ત કરી બન્ને વિરૂદ્ધ પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એ ડિવીઝન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના દાંડિયાબજાર વિસ્તારમાં આવેલાં અંબાજી માતાના મંદિર પાસે જ વિદેશીદારૂનો વેપલો થાય છે. જેના પગલે એક ટીમે તુરંત સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસે ત્યાં એક મિણીયા થેલામાં વિદેશીદારૂ લઈને ઉભેલાં દેવ ઉર્ફે ગદો પ્રવિણ મકવાણા તેમજ લારા શંકર મકવાણાને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી પહેલાં વિદેશીદારૂની 40 બોટલો મળી આવતાં ટીમે તેમની પાસે પુછપરછ કરી અન્ય મુદ્દામાલ ક્યાં સંતાડ્યો તેની વિગતો પુછતાં તેમણે કબુલ્યું હતું કે, તેમણે દાંડિયાબજાર શનિદેવ મંદીરની પાછળ નદીના પટમાં ઝાડી ઝાંખરામાં સંતાડયો હોવાનું માલુમ પડતાં ત્યાંથી પણ દારૂ જપ્ત કરી ટીમે તેમની પાસેથી કુલ 44 હજારથી વધુનો વિદેશીદારૂ મળી આવ્યો હતો. ટીમે બન્ને વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 13/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# સમરપરા ગામ નજીકથી બુટલેગર ઝડપાયો

ઝઘડિયા | રાજપારડી પોલીસ મથકની પોલીસ ટીમગુંડિયા બીટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે નવા માલજીપરાથી સમરપરા ગામની વચ્ચે આવેલ કેનાલની સુપડી પાસે એક ઈસમ વિદેશી દારૂનું છાની છુપી રીતે વેચાણ કરે છે. બાતમીના આધારે રાજપારડી પોલીસની ટીમ એ કેનાલની સુપડી પાસે રેડ કરી હતી. રેડ દરમિયાન એક ઈસમ ત્યાં તેમને મળી આવ્યો હતો તેનું નામ પૂછતા તેણે અલ્પેશ વસાવા જણાવ્યું હતું, પોલીસે આરોપી પાસેથી 10 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ભરૂચ પોલીસે 22 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ઈન્દીરાનગર ઝૂપડપટ્ટીમાં જુગાર રમતાં 3 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના ઈન્દિરાનગર ઝૂપડપટ્ટી વિસ્તારમાં એસટી ડેપોની દીવાલ પાસે ખુલ્લી જગ્યામાં જાહેરમાં જામેલી જુગારની મહેફીલ પર પોલીસે દરોડો પાડ્યો હતો. ટીમે 3 જુગારીને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે 3 જુગારી નાસી છુટ્યાં હતાં. બનાવ સંદર્ભે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એ ડિવિઝન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ઈન્દીરાનગર ઝૂપડપટ્ટીમાં એસટી ડેપોની દિવાલને અડીને આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, પોલીસે ચેતન અરવિંદ રાવળ, ઈરફાન મહોમદ હનીફ શેખ તેમજ સની રમણ વસાવાને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે રાહુલ ઉર્ફે બાલમ વિજય વસાવા, ધવલ ઉર્ફે ઝેરીલો બિપીન માછી તેમજ ગોકુલ ઉર્ફે ગોબો નામના ત્રણ જુગારીયા પોલીસને ચકમો આપી નાસી છુટ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી અંગઝડતીના તેમજ દાવપર લાગેલાં રૂપિયા મળી કુલ 22 હજારથી વધુની રોકડ રકમ જપ્ત કરી હતી.

DATE: 15/02/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–01

# જાહેરમાં છરી લઈ ફરતો શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના દાંડીયાબજાર શાક માર્કેટ પાસે એક શખ્સ છરી જેવું તિક્ષ્ણ હથીયાર લઈને ફરી રહ્યો હોવાની બાતમી ભરૂચ એ-ડીવિઝન પોલીસને મળી હતી. જે બાતમીના આધારે પોલીસની એક ટીમે સ્થળ પર દોડી આવી હતી. દરમિયાનમાં એક શખ્સને ઝડપી પાડી તપાસ કરતા તેના હાથમાં છરી મળી આવી હતી. પ્રાથમિક પુછપરછમાં તેનું નામ વિશાલ ચંદ્રકાંત રાવળ (રહે રાવળ ફરિયું) હોવાનું માલુમ પડતા ભરૂચ એડિવીઝન પોલીસે તેની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**DATE: 15/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### કાંસીયાના બુટલેગરે ગત વર્ષે દારૂનો જથ્થો મંગાવ્યો હતો

# અંકલેશ્વરના દારૂ પ્રકરણમાં મહારાષ્ટ્રથી સપ્લાયર પકડાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના બાકરોલ બ્રિજ નીચે સ્વીફ્ટ કાર માંથી 1.86 લાખ રૂપિયાના દારૂ પ્રકરણ માં મહારાષ્ટ્રના સપ્લાયર ની ધરપકડ જીઆઈડીસી પોલીસે કરી હતી. ગત 12 મી સપ્ટેમ્બર2022 ના એલસીબી પોલીસ એ ચોક્કસ માહિતી આધારે દારૂ મળી.4.69 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભરૂચ ક્રાઈમ બ્રાંચના કર્મીઓને મળેલ બાતમી ના આધારે ગત 12 મી નવેમ્બર 2022 ના ચૂંટણી ના માહોલ વચ્ચે સુરત થી ભરૂચ તરફ સ્વીફ્ટ ડિઝાયર કાર નંબર GJ,15,CG 1058 માં ભારતીય બનાવટનો વિદેશી શરાબનો જથ્થો લઈ આવતા બુટલેગરને અંકલેશ્વર બાકરોલ



બ્રિજ પાસે વોચ ગોઠવી ઝડપી પાડ્યો હતો. કાર ની તલાશી લેતા કારમાંથી ભારતીય બનાવટના વિદેશી શરાબની નાની મોટી કુલ ૧૧૯૯ બોટલો મળી આવી હતી. ક્રાઈમ બ્રાંચે સુરત ના નરેન્દ્રભાઈ ચૈતરામ ગુપ્તા નામના બુટલેગરની ધરપકડ કરી હતી. તેની પૂછપરછ માં જ્યારે મહારાષ્ટ્ર નવાપુરા ના સપ્લાયર બુટલેગર પંકજ તેમજ અંકલેશ્વર જુના કાસીયાના કુખ્યાત બુટલેગર સહદેવ ઉર્ફે કરણ જેસિંગ વસાવા ને પહોંચાડવાનો હોવાની કબૂલાત કરી હતી. જે તે સમયે પોલીસે 1.66 લાખ રૂપિયાનો દારૂ, સ્વીફ્ટ ડિઝાયરકાર કિંમત રૂપિયા 3 લાખ એક મોબાઈલ મળી કુલ 4.69 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સમગ્ર મામલે પાનોલી પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો જો કે ઘટના અંગેની તપાસ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક ને સોંપવામાં આવી હતી જે અંગે પોલીસ દ્વારા અંતે મહારાષ્ટ્રથી દારૂ મોકલનાર પંકજ ઉર્ફે નામદેવ સોનવણે ને ઝડપી પાડ્યો હતો અને તેને અંકલેશ્વર લઈ આવી રિમાન્ડની તજવીજ શરૂ કરી હતી.

અંકલેશ્વર પંથકમાં છેલ્લાં કેટલાંક સમયથી બુટલેગરોએ માઝા મુકી છે. એકંદરે રોજ પંથકમાંથી દારૂ ઝડપાઈ રહ્યો છે. ત્યારે બુટલેગરો જાણે પોલીસને પડકાર ફેંકી રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે.

**DATE: 15/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# પશુઓને કતલખાને લઇ જવાતા હતાં અંક્લેશ્વરમાં ટ્રકમાં હેરાફેરી કરાતાં 17 પશુ મુક્ત કરાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

વાલિયા ચોકડી વિસ્તારમાંથી પશુ પ્રેમી કરશન ભાઈ અને મિત્રો પસાર થઈ ગયા હતા તે દરમિયાન ત્યાંથી પસાર થયેલ ટ્રક માં પશુ તસ્કરી કરાઈ રહી હોવાની શંકા જતા તેમનેટ્રકો પીછો કરવા ની શરૂઆત કરી હતી અને વાલિયા રોડ પર કોસમડી સુધી પીછો કરતા મીરા માધવ સોસાયટી પાસે ટ્રક ની આગળ જઈ ટ્રકને રોકી હતી. અને ટ્રક ચાલક ને અંદર શુ છે તે અંગે પુછાતા ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો જે આધારે જીવદયા પ્રેમીએ ટ્રક પાછળ પાટિયા ની આડસ હટાવી તપાસ કરતા અંદર ભેંસો અને ગૌ વંશ બાંધી લઈ જવામાં આવી રહ્યું હતું.

જે પશુ ધન કતલ કરવાના ઈરાદે લઈ જવામાં આવી રહ્યું હોવાની આશંકા ને લઈ જીઆઈડીસી પોલીસ મથકે જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ટ્રક ચાલક અને ક્લીનર પાસે પશુ હેરાફેરી નો જરૂરી પાસ પરવાનો માંગતા તેમની પાસે કોઈ પણ પ્રકારના દસ્તાવેજો મળી આવ્યાં ન હોવાનું સામે આવ્યું હતું.

જે આધારે બિન અધિકૃત રીતે પશુ ધન ને ગુજરાતમાંથી મહારાષ્ટ્ર તરફ કતલ કરવાના ઈરાદે પરિવહન કરવામાં આવી રહ્યું હોવાનું સામે આવતા પોલીસે 17 જેટલા પશુ ધન ને મુક્ત કરવા અંગે પોલીસ મથકે ટ્રક ચાલક અને ક્લીનર સામે ફરિયાદ નોંધાવી છે.

**DATE: 16/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# 26 વર્ષથી 120 કિ.મી.નું અંતર કાપી બાઇક પર આવતો ચોર 12 તોલા સોના સાથે ઝડપાયો

**રાજ્યના** જુદા જુદા જિલ્લામાં ઘરફોડ ચોરીના ગુનામાં 30 વખત પકડાઈ ચૂક્યો છે

**ભરૂચમાં** બાઇક લઈ પ્રવેશતા પહેલાં જ નંબર પ્લેટ કાઢી હેલ્મેટ પહેરી લેતો હતો

**પેટલાદનો** રીઢો ચોર જયેશ પટેલ ચોરી કર્યા બાદ દાગીના ઘરમાં જ ઓગાળી દઈ વેચી દેતો હતો

**ભરૂચ** એલસીબીની કાર્યવાહી, રૂ.6.69 લાખનો ચોરીનો મુદ્દામાલ કબજે



ભરૂચ: ભરૂચમાં બાઇક ઉપર હેલ્મેટ પહેરી બોરસદ વાયા જંબુસર થઈ તસ્કરી કરવા આવતા હાલ પેટલાદ અને મૂળ અમરેલીના 26 વર્ષથી માત્ર ઘરફોડ ચોરી કરતા તસ્કરને ભરૂચ LCBએ લોકઅપ ભેગો કર્યો હતો. આ આરોપી રાજ્યના જુદા જુદા જિલ્લામાં ઘરફોડ ચોરીના ગુનામાં 30 વખત પકડાઈ ચૂક્યો છે. આ ઘટનામાં ભરૂચ એલસીબીની કાર્યવાહીએ કાર્યવાહી કરી રૂ.6.69 લાખનો ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પેટલાદના લક્કડપુરા ખાતે હાલ રહેતો મૂળ અમરેલીનો જયેશ મોહન પટેલ વર્ષ-1997 એટલે કે છેલ્લાં 26 વર્ષથી માત્ર ઘરફોડ ચોરીનું જ કામ કરે છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં અત્યાર સુધી 30 વખત ચોરીના ગુનામાં પકડાયો છે. છેલ્લા એકાદ વર્ષ ઉપરાંતના સમયથી આ તસ્કરે ભરૂચ અને અંકલેશ્વરને ચોરી માટે પોતાનો સોફ્ટ ટાર્ગેટ બનાવ્યા હતા. તસ્કર જયેશ બોરસદથી જંબુસરવાળા રસ્તે 120 કિલોમીટરનું અંતર બાઇક ઉપર કાપી ચોરી કરવા આવતો હતો. ભરૂચ જિલ્લામાં પ્રવેશતા પહેલાં ટી પાનાથી પોતાની બાઇકની નંબર પ્લેટ કાઢી નાંખતો અને હેલ્મેટ પહેરી બંધ ઘરોની રેકી કરતો હતો.

ચોરી કરતી વેળા સ્કૂલ બેગમાં હેક્સો બ્લેડ, પાનાં-પેચિયાં રાખતો હતો. અને મકાનના પાછળના ભાગથી ગ્રીલ તોડી અંદર પ્રવેશી સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈ ફરાર થઇ જતો હતો. જે પોતાના ઘરે જ દાગીના ઓગાળી વેચતો હતો.

ત્યારે ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં શ્રી હરિ બંગ્લોઝમાં બે બંધ મકાનમાં રૂ.15.46 લાખની ચોરી થતાં ભરૂચ LCB સાથે સી ડિવિઝન સર્વેલન્સની ટીમ આ ચોરીનો ભેદ ઉકેલવા એક્શનમાં આવી હતી. આ વિસ્તારના CCTV, ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીદારો થકી બાઇક ઉપર હેલ્મેટ અને બેગ ભેરવી ફરતો ચોર પોલીસની નજરમાં કેદ થયો હતો. જે આમોદથી ભરૂચ તરફ આવી રહ્યો હોવાની બાતમી મળતાં પોલીસે તેને વોચ ગોઠવી અન્ય કોઈ ચોરીને અંજામ આપે એ પહેલા જ અટકાયત કરી હતી. અઢી દાયકાથી તસ્કરી કરતા જયેશની બેગ ખોલતાં અંદરથી 12 તોલા સોનાના વિવિધ દાગીના અને 800 ગ્રામથી વધુ ચાંદીનાં આભૂષણો, પાનાં-પેચિયાં મળી કુલ રૂ.6.69 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

**DATE: 17/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# કરગટ-સિતપોણ વચ્ચે પોલીસે પકડ્યો બે ગાય- એક વાછરડું ભરેલો ટેમ્પો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના નબીપુર પોલીસ સ્ટેશનની એક ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં કરગટ ગામથી સિતપોણ જવાના રોડ પર નર્મદા નદીની નાની કેનાલ પાસે એક ટેમ્પોમાં પશુઓનું વહન કરાતું હોવાની બાતમી મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી ટેમ્પો ઝડપી પાડ્યો હતો. જેમાં તપાસ કરતાં બે ગાય તેમજ એક વાછરડાને ક્રૂરતાપુર્વક ભરેલાં જણાયાં હતાં.

તેમને ટૂંકી દોરીથી બાંધેલાં હોવાનું તેમજ તેમના ખાવા માટે ઘાસ-ચારો કે પાણીની વ્યવસ્થા ન રાખવા સાથે પશુઓને ઉભા રહેવા માટે તળીયામાં રેતી પણ રાખી ન હોવાનું જણાયું હતું. ટીમે ડ્રાઈવરનું નામ પુછતાં તેનું નામ ગોવિંદ વસરામ દેસાઈ (રહે. દરબાર ફળિયુ, ઝણોર) હોવાનું જ્યારે તેની સાથેના શખ્સનું નામ પુછતાં તેનું નામ ભીખા છીતુ રાઠોડ (રહે. ભરથાણા) હોવાનું માલુમ પડ્યુ હતું. ટીમે તેમની પાસેથી કુલ 35 હજારની મત્તાના પશુઓ તેમજ 1.50 લાખના પશુઓ મળી કુલ 1.85 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બન્ને વિરૂદ્ધ પશુક્રૂરતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 17/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના એક ગામમાં બનેલો બનાવ

# નશાની હાલતમાં સસરાએ પુત્રવધુ સાથે અડપલાં કર્યાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના એક ગામમાં નશાની હાલતમાં સસરો પુત્રવધુ સાથે શારિરિક અડપલા કરી અઘટિત માગણી કરતો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પુત્રવધુએ 181 અભયમને ફોન કરતાં ટીમે સ્થળ પર પહોંચી સસરાને સમજાવતાં તેમણે પુત્રવધુની માફી માગી હતી.

ઝઘડિયા તાલુકાના ગામમાંથી એક પરણિતાનો 181 મહિલા હેલ્પ લાઈનમાં કોલ આવેલ કે ઘરમાં એકલી છુ અને મારા સસરા અઘટિત માગણી કરી હેરાન કરી રહયા છે. જેથી ભરૂચથી અભયમ રેસ્કક્યું ટીમ ગામમાં પહોંચી હતી. પરણિતાને આશ્વાસન આપી સસરાને પોલીસ કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી હતી. જેથી સસરાએ પોતાની ભુલ બદલ માફી માંગી હતી તેમજ ગામના આગેવાનો એ પણ તેમને ઠપકો આપેલ અને હવે પછી આવી હરકત નહી કરું જેની લેખિત ખાત્રી આપી હતી.કામાંધ સસરાનો દિકરો નોકરી પર જતા પુત્રવધુની એકલતા નો. લાભ લઈ સસરા નજર બગડતા હતાં અને અવાર નવાર જાતિય અડપલા કરતા હતાં. ગત રોજ પુત્રવધુ એકલાં હતાં ત્યારે સસરાએ વ્યસન કરી આવી સૂતેલા પુત્રવધુને અડપલા કરી જાતિય સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. જેથી પુત્રવધુએ મદદ માટે 181 હેલ્પલાઈનમાં ફોન કર્યો હતો. હાલ તો 181ની ટીમની મદદથી મામલો થાળે પડયો છે. ભરૂચ જિલ્લામાં મહિલાઓ તથા યુવતીઓ માટે 181 અભયમની ટીમ આર્શીવાદરૂપ સાબિત થઈ રહી છે.ઝઘડિયા તાલુકાના એક ગામમાં બનેલાં બનાવમાં આગેવાનોએ પણ સમજાવટ કરી હતી.

**DATE: 17/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ટીમલા ગામ પાસે પોલીસે વોચ ગોઠવી હતી

# નેત્રંગના મુંગજમાં દારૂ આપવા આવેલો ખેપિયો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેત્રંગ તાલુકાના મુંગજ ગામના બુટલેગરને વિદેશી દારૂનો જથ્થો આપવા માટે આવેલાં મહારાષ્ટ્રના ખેપિયાને પોલીસે 85 બોટલો સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નેત્રંગ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે નેત્રંગ-દેડિયાપાડા માર્ગ ઉપર નંબર પ્લેટ વિનાની બાઈક ઉપર એક ઈસમ વિદેશી દારૂનો જથ્થો લઈ પસાર થવાનો છે જેથી પોલીસે ટીમલા ગામના નાળા પાસે વોચ ગોઠવી હતી. પોલીસે તેને અટકાવી બાઈક ઉપર રહેલ વિદેશી દારૂની 85 નંગ બોટલ અને ફોન મળી કુલ 13 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને મહારાષ્ટ્રના અક્કલકુવાના નીમ્બાપાટીમાં રહેતો બુટલેગર નીલેશ અમીર વસાવેને ઝડપી પાડ્યો હતો જ્યારે વિદેશી દારૂ મંગાવનાર નેત્રંગના મુન્જગ ગામના બુટલેગર અનીલ મનહર વસાવા અને મનહર વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 18/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# દારૂનો વેપલો કરતી મહિલા ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાલેજ પોલીસની ટીમે પેટ્રોલિંગ વેળાં ડુંગરીપાળ વિસ્તારમાં એક મહિલાને ઝડપી પાડતાં તેની પાસેથી થેલીમાંથી વિદેશીદારૂની બોટલો મળી આવી હતી. તેનું નામ મોનિકા મહેશ માછી હોવાનું તેણે કબુલ્યું હતું. દારૂનો વેપલો તેની માતા મીના મહેશ માછી કરે છે. પોલીસ રેઈડ કરવા નિકળી હોવાની જાણ થતાં તેની માતાએ તેને દારૂનો જથ્થો સંતાડવા મોકલી હતી. બનાવ સંદર્ભે પાલેજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 18/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## પોલીસે 20 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# નંદેલાવ ગામમાં જુગાર રમતા બે ઝડપાયાં, ત્રણ નાસી છુટ્યા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના નંદેલાવ ગામે જાહેરમાં જામેલી જુગારની મહેફિલ પર પોલીસે દરોડો પાડ્યો હતો.

ભરૂચના નંદેલાવ ગામે આવેલી નવી નગરી ખાતે ઝૂપડપટ્ટીની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી એ ડિવિઝન પોલીસની ટીમને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈ જુગારિયાઓમા દોડધામ મચી ગઈ હતી. જોકે, ટીમે રોહિત મુકેશ વસાવા તેમજ મુઝીબર નિઝામ કાઝી નામના બે જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે વિજય બચુ વસાવા, સાગર શાંતીલાલ વસાવા તેમજ દિલીપ રામુ વસાવા નામના ત્રણ જુગારિયાઓ નાસી છુટ્યાં હતાં. ટીમે ઝડપાયેલાં જુગારિયાઓની અંગઝડતીમાંથી તેમજ દાવપર લાગેલાં રૂપિયા મળી કુલ 20 હજારથી વધુની મત્તાની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ભરૂચ તાલુકાના લુવારા ગામે આવેલાં કબ્રસ્તાન પાસે રમતાં હતાં

# મોબાઈલ લાઈટના અજવાળે જુગાર રમતાં 4 જણ ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના લુવારા ગામની સીમમાં કબ્રસ્તાન પાસે કેટલાંક લોકોએ જુગારની મહેફિલ જમાવી હતી. જે અંગે નબીપુર પોલીસને જાણ થતાં ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. જુગારિયાઓ રાત્રીના અંધારામાં મોબાઈલના અજવાળે જુગાર રમી રહ્યાં હોવાનું જણાતાં ટીમે તેમને દબોચવા જતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી.

જોકે, પોલીસે જાવીદ યુસુફ કરચણીયા, મોહસિન યુસુફ બારમણીયા, કિશન રમેશ પટેલ તેમજ દશરથ મહેશ વસાવાને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે એક જુગારી પોલીસને ચકમો આપી ત્યાંથી નાસી છુટવામાં સફળ રહ્યો હતો. ટીમે ઝડપાયેલાં જુગારિયાઓ પાસેથી દાવપર લાગેલાં તેમજ અંગઝડતીના મળી કુલ 10 હજારથી વધુની રોકડ રકમ તેમજ તેમની પાસેથી મળી આવેલાં 4 મોબાઈલ સહિત કુલ 31 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ભાગી ગયેલાં જુગારી અંગે પુછપરછ કરતાં તેનું નામ મહેશ ઉર્ફે પોપટ ભગવતી વસાવા હોવાનું માલુમ પડતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો. નબીપુર પોલીસે તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### એપ્રિલ -2022માં કંપનીમાં બ્લાસ્ટ થતાં 6 કામદારોના મોત થયા હતાં

# દહેજની ઓમ આર્ગેનિક્સ કંપનીના ચાર સંચાલકો સામે પોલીસ ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજમાં સેઝ-3 માં આવેલી ઓમ ઓર્ગેનિક્સ કંપનીમાં 11 એપ્રિલ 2022 માં મિક્ષ સોલ્વન્ટને ડિસ્ટીલેશન કરવાની પ્રક્રિયા વેળાં કોઇ કારણસર અચાનક ભડકો થતાં પ્રોડક્શન પ્લાન્ટમાં ફરજ બજાવતાં 6 કામદારોના ભુંજાઇ જવાથી સ્થળ પર જ મોત નિપજ્યા હતા. ઘટનાને પગલે ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ દ્વારા કંપનીને તાત્કાલિક અસરથી ક્લોઝરની નોટીસ ફટકારાય હતી. ઉપરાંત કંપનીને ₹ 25 લાખનો દંડ પણ કરાયો હતો. બીજી તરફ અકસ્માતમાં મોતને ભેટેલાં શ્રમજીવીઓના પરિવારોને કંપની સંચાલકો અને વડાપ્રધાન રાહતફંડ મળી કુલ 5 લાખ રૂપિયાનું વળતર ચુકવવામાં આવ્યું હતું. ઘટના બાદ પોલીસ તથા એફએસએલની ટીમે સ્થળની મુલાકાત લીધી હતી. એફએસએલના રીપોર્ટ તથાતપાસના અંતે ઓમ ઓર્ગેનિક્સના ચાર માલિકોની બેદરકારી છતી થઈ છે. રીએક્ટરમાં પ્રેશર વધતા કામદારોને સાવચેત કરવા કોઈ એલાર્મ સિસ્ટમ પણ કંપનીમાં ન હોવાનું તથા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસેસનું પાલન ન કરાયું હોવાથી બ્લાસ્ટ થયો હોવાનું ચોકકસ તારણ તપાસમાં નીકળ્યું હતું.

રીએક્ટર નંબર 105 માં ડાય મીથાઇલ ફોર્મોમાઇડનું ડિસેલીનેશન ન કરી નવી બેચ ભરી હાથ ધરેલી પ્રક્રિયામાં રિએક્શનથી પ્રેશર વધી જતાં ધડાકા સાથે આગ ફાટી નીકળવાની મોટી ઔદ્યોગિક હોનારતમાં 6 ફાયર ફાઈટરોની મદદથી 6 કલાકે આગ કાબુમાં આવી હતી.દહેજ PI આર.જે. ગોહિલે 10 મહિનાની તપાસ અને રિપોર્ટ બાદ કંપની માલિકો ચિરાગ વેકરિયા, કિરણસિંહ જાડેજા, ચિંતન વેકરિયા અને અશોક વિરાણી સામે તેઓની ગંભીર બેદરકારીથી હોનારત ઘટવા અને 6 કામદારોનું મોત થયું હોય ગુનો દાખલ કર્યો છે. પોલીસે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### આમોદના ઇખર ગામ પાસે ટ્રક ઝડપાઇ

# ટ્રકમાં કૃરતાપુર્વક લઇ જવાતા 17 પશુઓને બચાવી લેવાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ તાલુકાના તેલોદથી ઇખર ગામ તરફ જવાના રોડ પરથી પોલીસે એક ટ્રકને ઝડપી પાડી હતી. જેમાં 17 પશુઓને કૃરતાપુર્વક ખિચોખીચ ભરીને લઇ જવાતાં હોવાનું માલુમ પડ્યું હતું. બનાવને પગલે આમોદ પોલીસે 5 શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આમોદ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, તેલોદ ઇખરવાળા રોડ પરથી ગેરકાયદે રીતે પશુઓ ભરીને જતી ટ્રક જવાની છે. જેના પગલે ટીમે તે રોડ પર વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની ટ્રક આવતાં તેને રોકી તપાસ કરતાં તેમાં કુલ 17 પશુઓને ખિચોખીચ અને કૃરતાપુર્વક બાંધેલાં મળી આવ્યાં હતાં. પ્રાથમિક પુરપરછમાં તેમના નામ ઇમરાન એયુબ શેખ(રહે. નંદુરબાર) તેમજ ફિરોજ ઇસ્માઇલ મલેક (રહે. ભોજ, પાદરા) હોવાનું જણાયું હતું. તેમમણે જણાવ્યું હતું કે, પાલેજના સંજરીપાર્ક ખાતે રહેતાં ઇરફાન અબ્બાસ નામના શખ્સે પાદરાના આંટી ગામેથી પશુઓ ટ્રકમાં ભરાવ્યાં હતાં. જે વલણના મિન્હાઝ યાકુબ દરવેશ તેમજ તેના ભઇ ભીખા ઉર્ફે ભીખોને ત્યાં ઉતારવાના હતાં. ટીમે તમામ 17 પશુઓને બચાવી પાંજરાપોળ ખાતે મોકલી આપવાની કવાયત શરૂ કરી તમામ વિરૂદ્ધ પશુકૃરતાની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 19/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## સળીયા-ટેમ્પો મળી 84 હજારનો મુદ્દામાલ જપ્ત

# આંબોલી ગામે બુલેટ ટ્રેનના સળિયા ચોરીમાં તસ્કર ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના આંબોલી ગામ પાસે આવેલ એલ.એન્ડ ટી દ્વારા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ની કામગીરી કરાય રહી છે ,આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ઉપયોગમાં લેવાતા 40 હજારની કિંમતના સળિયાની ચોરી થઇ હતી. એ ડિવિઝન પોલીસે તપાસ શરુ કરી હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેક્નીકલ સર્વેલન્સ આધારે અંકલેશ્વરના સુરતી ભાગોળ વિસ્તારમાં રહેતા મોહમદ ફિરદોશને થ્રી વ્હીલર ટેમ્પો અને લોખંડના સળીયા સાથે શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યો હતો .તેની પાસેથી રૂપિયા 39 હજારની કિંમતના લોખંડ ના સળીયા , 40 હજારનો થ્રી વ્હીલ ટેમ્પો અને એક મોબાઈલ મળી કુલ રૂપિયા 84 હજારનો મુદામાલ કબ્જે કરી મોહમદ ફિરદોસ ની સઘન પૂછપરછ કરતા આ ચોરી માં આંબોલી ગામના અરવિંદ ઉર્ફે અશ્વિન , લાલો , ભયલુ અને અંકલેશ્વરના અબ્દુલ મજીદ શેખ તેમજ અન્ય એક ઈસમ સામેલ હોવાનું જણાવતા પોલીસે વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.